॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● મહા વદ - ૧૩ ● તા. ૧૧-૩-૨૦૨૧ ● ગુરુવાર SDP NO: 327 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

મહાશિવરાત્રીની શુભકામના



સુરતના યુવકે વિદ્યાદાન કરી જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી

એમ તો લોકો આખા વર્ષ પોતાના જન્મ દિવસની ખુબજ આતુરતાથી રાહ જોતા હોય છે અને જન્મ દિવસની પાર્ટી કરવી, કેક કાપવી તેના ઉપર હજારો રૂપિયા ખર્ચ કરતા હોય છે ત્યારે સુરત શહેરમાં એક યુવક પોતાના જન્મ દિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી.

સિટી લાઈટ વિસ્તારમાં રહેતા અને આઈઆઈટી જેઈઈ ટ્યુશન ક્લાસીસ ચલાવતા યુવરાજ પોખરના પોતાનો ૩૦મો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો હતો . જેમાં યુવરાજે એક બુક સેલર પાસેથી મોટી સંખ્યામાં પુસ્તકો ખરીદી સુરતની એક શાળામાં પુસ્તક અર્પણ કર્યા જેથી આવનારા સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ વધુ ભણે અને દેશનું નામ રોશન કરે.

ટ્યુશન ક્લાસીસ ચલાવતા યુવરાજ પોખરે ૩૦માં જન્મ દિવસે કેક કટિંગ કે પાર્ટી ન કરી લાખો રૂપિયાના પુસ્તક સ્કૂલને ભેટમાં આપ્યા

શિવરાત્રિ એટલે ભગવાન શંકરને સમર્પિત દિવસ.

દર મહિનાની વદ ચૌદસ (અમાસ પહેલાનો દિવસ) શિવરાત્રિ કહેવાય છે, જ્યારે લોકો જેને સામાન્ય રીતે શિવરાત્રિ તરીકે ઉજવે છે તે દિવસ મહા વદ ચૌદસ ખરેખર મહા શિવરાત્રિનું પર્વ છે. શિવરાત્રિને દિવસે દ્વાપરયુગનો પ્રારંભ થયો હતો તેમ માનવામાં આવે છે અને વળી પ્રથમ જ્યોતિર્લિંગ પણ શિવરાત્રિને દિવસે જ પ્રગટ થયું હતું.

તિથીની સમજૂતિ

મહાશિવરાત્રિ વ્રત મહા માસની વદ પક્ષની ચૌદશના દિવસે કરવામાં આવે છે. આ વ્રતને અર્ધરાત્રિ વ્યાપિની ચૌદશની તિથિએ કરવું જોઈએ પછી ભલેને આ તિથિ પૂર્વા (તેરસયુક્ત) હોય કે પરા તિથિ હોય. નારદસંહિતા અનુસાર જે દિવસ મહા ચૌદશની તિથિ અડધી રાતના યોગવાળી હોય તે દિવસે જે શિવરાત્રિ વ્રત કરે છે તે અનંત ફળને પ્રાપ્ત કરે છે. આ સંબંધમાં ત્રણ પક્ષ છે - (૧) ચૌદશની પ્રદોષ વ્યાપિની. (૨) નિશીથ (અર્ધરાત્રિ) - વ્યાપિની અને (૩) ઉભયવ્યાપિની વ્રતરાજ, નિર્ણયસિન્ધુ તથા ધર્મસિન્ધુ વગેરે ગ્રંથો અનુસાર નિશીથવ્યાપિની ચૌદશ તિથિનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે તેથી ચૌદશની તિથિ નિશીથવ્યાપિની હોય તે મુખ્ય છે, અગત્યની છે, પરંતુ તેના અભાવમાં પ્રદોષવ્યાપિની સ્વીકૃત હોઈ તે પક્ષ ગૌણ છે. આ કારણે પૂર્વા યા પરા એ બંનેમાં જે પણ નિશીથવ્યાપિની ચૌદશની તિથિ હોય તેમાં જ વ્રત કરવું જોઈએ.

બેંકો ૦૫ દિવસ બંધ રહેવાની સંભાવનાઓ છે.

આ અઠવાડિયે બેંકોમાં પાંચ દિવસ સંભવિત રજા આવી રહી છે. તેથી ગ્રાહકોને આ બાબત ધ્યાનમાં રાખીને બેંકના કામ નીપટાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. આવતીકાલે ગુરૂવાર ૧૧ માર્ચે મહાશિવરાત્રિ હોવાના કારણે દેશના અનેક રાજ્યોમાં બેંકોમાં રજા રહેશે. આ ઉપરાંત ૧૩ માર્ચે મહિનાનો બીજો શનિવાર છે, જેના કારણે બેંકોમાં કામકાજ નહીં થાય. રવિવાર એટલે કે ૧૪ માર્ચે પણ બેંકો બંધ રહેશે. બાદમાં ૧૫ અને ૧૬ માર્ચે બેંકોની હડતાલ છે, જેના કારણે પણ બેંકો બંધ રહેશે. એટલે કે બેંક ૦૫ દિવસ સુધી બંધ રહેશે.આ હડતાલને ગ્રામિણ બેંકોએ પણ સમર્થન આપ્યું હોવાથી આ બેંક પણ બંધ રહેશે.

કેન્દ્ર સરકારની નીતિઓના વિરોધમાં બેંકોના કર્મચારી હડતાલ કરી રહ્યા છે. સરકારી બેંકોને પ્રાઈવેટ કરવાની યોજનાનો આ તમામ કર્મચારી વિરોધ કરી રહ્યા છે. આ કારણથી બેંક કર્મચારીઓ અને અધિકારીઓના યૂનિયને આગામી ૧૫ અને ૧૬ માર્ચે હડતાલ પર જવાની નોટિસ આપી છે.

વિશેષમાં આ હડતાલનું આહવાન યૂનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન આપ્યું છે. તેમાં કર્મચારીઓ અને અધિકારીઓના લગભગ તમામ સંગઠન સામેલ છે.

૯ બેંક યૂનિયનના કેન્દ્રીય સંગઠન યૂનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને આ બંધનું આહવાન કર્યું છે. આ હડતાલના કારણે સરકારી બેંકોનું કામકાજ ઘણું પ્રભાવિત થશે. દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કામકાજ ઉપર પણ આ હડતાલની અસર જોવા મળશે. બેંકે તેની જાણકારી સ્ટોક એક્સચેન્જને આપી છે.

ઉલ્લેખનીય છે કે, યુવા હલ્લાબોલના રાષ્ટ્રીય સંયોજક અનુપમના જણાવ્યા મુજબ, દેશભરની બેંકોમાં ૧૫ અને ૧૬ માર્ચે હડતાલમાં યુવા વર્ગ પણ સામેલ થશે. યુવાઓને ગત ૯ માર્ચે જ ટ્વીટર પર હમ દેશ નહીં બિકને દેંગે હેશટેગના માધ્યમથી ખાનગીકરણની વિરુદ્ધ કેમ્પેનની શરૂઆત કરી દીધી છે.

ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યૂથ સોસાયટી૧૯૮૦ માં ૪૦ મિત્રોએ સ્થાપેલી સંસ્થા વિશ્વ વ્યાપી બની અને ભારતમાં પાટીદાર સંદેશે અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી

સંયોજક: ભવન જાદવાણી

અમદાવાદ, ૧૦ માર્ચ ૨૦૨૧

જીનિયસ ફાઉન્ડેશન દ્વારા એનાયત વર્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા નું પ્રમાણપત્ર ૧૦ માર્ચ ૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે સાણંદ રોડ પર સાદગી પૂર્વ કાર્યક્રમમાં આપવામાં આવ્યું હતું.

કોરોનાના કારણે કાર્યક્રમ નાનો રખાયો હતો. પાટીદાર સંદેશના મુખ્ય તંત્રી શ્રી શામજીભાઈ પટેલ, અમદાવાદ, સાણંદ અને તંત્રી શ્રી કરમશીભાઈ પટેલને, જીનિયસ ફાઉન્ડેશન સંસ્થાના પાવનકુમાર દ્વારા પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરાયો હતો. આ પ્રસંગે ગુજરાતના જાણીતા પત્રકાર દિલીપ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

૧૯૮૦માં સમાન વિચારો ધવાવતાં ૪૦ મિત્રો એકઠા થયા હતા. તેમણે નક્કી કર્યું કે એક ટ્રસ્ટ બનાવીને સમાજના સમાચાર માટે અખબાર શરૂ કરવું. ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી ઊભી કરી હતી. ૨૫ વર્ષના યુવાનોની ૧૯૭૮માં યુથ હોસ્ટેલ ગાંધીનગરમાં બેઠક મળી હતી. ૧૯૮૦માં ટ્રસ્ટની મંજૂરી મળી હતી. ટ્રસ્ટનું એક માત્ર કામ સમાચાર પત્ર ચલાવવાનું છે.

૧૦ એપ્રિલ ૧૯૮૧ના દિવસે "પાટીદાર સંદેશ"નો પ્રથમ અંક બહાર પડ્યો હતો. આજે તેને ૪૦ વર્ષ થયા છે. દરેક વર્ષે અલગ ૧૨ અંકો બહાર પાડ્યા છે. વર્ષના ૧૨ અંક પ્રમાણે ૪૦ વર્ષના કુલ ૪૮૦ પ્રસિદ્ધ થયા છે. તમામ અંકો વેબ સાઈટ પર મૂકી દીધા છે. ૪૮૦મો અંક ૧૦ માર્ચ ૨૦૨૧ના રોજ પ્રસિદ્ધ થયો છે. જે ભારતનો એક અનોખો વિક્રમ બની ગયો છે. સળંગ અંકો બહાર પડ્યા હોય એવું એક પણ માસિક છાપું ભારતમાં નથી. જોકે, આ વિક્રમ વિશ્વમાં પણ બની શકે તે માટે પ્રયાસ થઈ રહ્યાં છે.

ગુજરાતમાં અનેક તોફાનો આવ્યા, કુદરતી આફતો, ભૂકંપ, પૂર, કોરના જવા વિઘ્નો પણ આવ્યા પણ પાટીદાર સંદેશની નકલ દર મહિનાની ૧૦ તારીખે ગમેતે ભોગે પ્રકાશિત થતી રહી છે. તે માટે ઘણો સંઘર્ષ પણ કરવો પડ્યો છે.

પાટીદાર સંદેશના ઉદેશ એક માત્ર હતો કે, સમાચાર પત્ર ચલાવીને વૈચારીક ક્રાંતિ ઊભી કરવી. જે સમાચારો છે તે ભેળસેળ વગર, જે હોય તેવા જ સમાચાર છાપવા. સભ્યોની એક નાનકડી સંસ્થા આજે વિશ્વ વ્યાપી બની ગઈ છે. સહકુટુંબની પારિવારીક સંસ્થા બની ગઈ છે. ગાંધીનગરથી શરૂ થયેલી આ સંસ્થા વિશ્વ વ્યાપી બની ગઈ છે. ભારતમાં આશરે ૨૨૦૦ કચ્છ કડવા કડવા પાટીદાર સમાજ છે. યૂથ સોસાયટીએ લાંબાગાળે ભારતનાં ૦૯ ઝોન બનાવીને માળખા ઊભા કર્યા, ગુજરાતમાં ૦૫ ઝોન છે વર્ષમાં એક વખત સહપરીવાર મળે છે.

મૂળ વતન સહુનું કચ્છ જેના દરેક ગામે શુભેચ્છકો છે.

કુલ ૪૦માંથી સભ્યો બધીને હાલ ૧૪૪ સભ્યો કાર્યરત છે. ૧૮ સભ્યો અવસાન પામ્યા છે. સમાચાર, જાહેરાત અને લાવાજમ મોકલે છે.

પાટીદાર સંદેશ શામજીભાઈ અને કરમશીભાઈ બન્ને તંત્રીઓનું આ માનસ સર્જન છે. સામજીભાઈ પટેલ ક્લાર્ક હતા. ગાંધીનગર સચિવાલયમાં તેઓ સચિવ પદ સુધી પહોંચી શક્યા હતા. આજે તેઓ ૬૮ ઉમરના છે. તેમની સાથે કરમશીભાઈ પણ ખરા. તે સમયે એવું હતું કે આ મેગેઝીન વધીને ૧૦-૧૫ વર્ષ ચાલશે. પણ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી પૂર્વગ્રહ વગર ચલાવવું, એવું સ્પષ્ટ હતું. ૧૫ વર્ષ પછી લોકો ન સ્વિકારે તો પ્રકાશન બંધ કરી દેવું એવું મિત્રોના મનમાં હતું.

પહેલા રૂ.૧૦૦નું લવાજમના હવે ૧૦૦૦ થયા છે. લવાજમની રકમ બેંકમાં ડિપોઝીટ તરીકે સલામત છે. પણ પાના અને નકલો વધતી ગઈ. ૦૪ પાનાનું પાટીદાર સંદેશ માંથી ૬૦ પાનાનું થયું છે. છતાં તે નાનું પડે છે. આનો સંપૂર્ણ ખર્ચ જાહેરાતો દ્વારા મેળવવામાં આવે છે.

૨૩૫૦૦ ગ્રાહકો છે. કોઈ દાન ન લેવું એવું પહેલાથી નક્કી હતું. શુભેચ્છાની જાહેરાત લેતા હતા.પહેલા શુભેચ્છા માટે જાહેરાતો લેવાતી હતી. હવે ૯૦ ટકા ટકા જાહેરાતો કોમર્શિયલ છે.

કચ્છમાં ૪૦૦માંથી ૧૩૦ ગામોમાં કચ્છી પાટીદારો છે. ત્યાં વાડી, સમાજ છે. ભારતમાં ૪ લાખ કચ્છી પાટીદારો વસે છે. દરેક ગ્રૂપમાં પીડીએફ મોકલે છે. સવાલાખ મોબાઈલમાં તે પહોંચે છે. મોટા ભાગના જ્ઞાતિજનો સુધી દર મહિને આ રીતે પાટીદાર સંદેશ ઘરબેઠાં પહોંચે છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડો. એ. આર. પટેલ - ગાંધીનગર, ઉપપ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, સીએ આર એન પટેલ - નરોડા, ઉપપ્રમુખ વસંતલાલ - સતના, મંત્રી ઈશ્વરભાઈ ભગત - નખત્રાણા, મંત્રી ડો. આર. એસ. પટેલ, લખમશીભાઈ - વટવા, મણીભાઈ પટેલ - સીંગરવા, મંત્રી ડો. બી. આર. પટેલ - ખારઘર, સહિત સંસ્થાના સ્થાપક એવા ૧૫ મુખ્ય સભ્યો હતાં. એક કુટુંબ તરીકે બધાએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

Genius Foundation - Award for Genius Peoples in India
Non-governmental organisatio...



નિમણૂક : ૧૨ ઇન્ચાર્જ બાદ કચ્છ યુનિવર્સિટીને મળશે બીજા નિયમિત રજિસ્ટ્રાર.

સોમવારે હાજર થઈ જશે ઘનશ્યામ એમ . બુટ્ટાણી ૫ વર્ષ નિયામક રહેલા બુટ્ટાણી યુનિવર્સિટીના પ્રશ્નોથી વાકેફ કચ્છ યુનિવર્સિટીને લાંબા સમય બાદ બીજા રેગ્યુલર રજિસ્ટ્રાર મળશે . પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવી ગયેલા બુટ્ટાણી સોમવારે પોતાનો ચાર્જ સંભાળી લેશે . શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના બીજા નિયમિત રજિસ્ટ્રાર તરીકે યુનિ.માં જ અગાઉ ૫ વર્ષ સુધી પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવી ગયેલા ડો.ઘનશ્યામ એમ.બુટ્ટાણીની નિમણુક કરાઇ છે , જેઓ તા.૧૫-૩-૨૧ સોમવારે ફરજ સ્થળે હાજર થઇ જશે . બુટ્ટાણીએ આ અગાઉ ૧૭ વર્ષ સુધી સરકારી લાલન કોલેજમાં ફરજ બજાવી છે અને ૨૦૧૨ થી વલસાડની કોલેજના આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે .

-: અવસાન નોંધ :-

તા. ૯/૩/૨૦૨૧ મંગળવાર

સ્વ. ચંપાબેન ચીમનભાઈ છાભૈયા, ઉમર : ૭૩ વર્ષ,
કચ્છ માં ગામ : ભડલી, હાલે : રખિયાલ.

સ્વ. લીલાબેન હરીલાલભાઈ પારસીયા, ઉમર : ૭૯ વર્ષ,
કચ્છ માં ગામ : નાના અંગીયા, હાલે : કલકત્તા (ઉ૨).

સ્વ. શીવગણભાઈ પેથાભાઈ ચોપડા, ઉમર : ૯૩ વર્ષ,
કચ્છ માં ગામ: અંગીયા (નાના), હાલે : નાગપુર (મહારાષ્ટ્ર).

તારીખ : ૧૦/૩/૨૦૨૧ બુધવાર

સ્વ. ગોમતીબેન લાલજીભાઈ ડાયાણી, ઉમર : ૬૭ વર્ષ,
કચ્છ માં ગામ : ધાવડા (મોટા)(સ્થાનિક).

આઝાદી કા અમૃત મહોત્સવ.

વડાપ્રધાનની ગાંધી આશ્રમની મુલાકાતની તડામાર તૈયારીઓ

PM મોદીના ગુજરાત પ્રવાસનો કાર્યક્રમ

૧૨ માર્ચે સવારે ૮:૩૦ વાગ્યે દિલ્હી એરપોર્ટથી રવાના થશે

૧૨ માર્ચે સવારે ૧૦:૦૫ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે

૧૨ માર્ચે સવારે ૧૦:૩૦ વાગ્યે સાબરમતી આશ્રમ પહોંચશે

સવારે ૧૦:૩૦ થી ૧૨:૧૫ વાગ્યા સુધી આઝાદીનો અમૃત મહોત્સવ...

આગામી ૧૨મી માર્ચે દાંડી કૂચના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમદાવાદમાં ગાંધી આશ્રમની મુલાકાતને પગલે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આશ્રમની સાફ સફાઈ, દાંડીબ્રિજ ખાતે પણ સાફ સફાઈ કરીને તેને શણગારવાની કામગીરી કરવામાં આવી રહી છે.

સુભાષબ્રિજ અભયઘાટ ખાતે ડોમ ઉભો કરવામાં આવી રહ્યો છે જ્યાં વડાપ્રધાનની સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધી આશ્રમ મેમોરિયલ એન્ડ પ્રિસિક્રૂટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ખાત મુહૂર્ત પણ કરવાના છે.

ગાંધી આશ્રમમાં વડાપ્રધાનની મુલાકાતને લઈ ગુજરાત ટુરિઝમના અધિકારીઓ, સાંસ્કૃતિક વિભાગ અને અન્ય અધિકારીઓની ગાંધી આશ્રમના ટ્રસ્ટીઓ સાથે મીટીંગ યોજાઈ હતી. ગાંધી આશ્રમમાં ડેવલોપમેન્ટનું કામ થવાનું છે. જેમાં ગાંધી સ્મારક છે તેને એવું જ રખાશે પરંતુ સુભાષબ્રિજ અભય ઘાટથી દાંડીપુલ સુધીના વિસ્તારને ડેવલપ કરવામાં આવશે.

પોરબંદર, રાજકોટ, વડોદરા, માંડવી સહિત ૭૫ સ્થળોએ યોજાશે કાર્યક્રમ

તા.૫ એપ્રિલે રાષ્ટ્રપતિના હસ્તે સમાપન

ડાય ફોર ધ નેશન, લીવ ફોર ધ નેશનનો મંત્ર આપશેઃ ૮૧ પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડીની યાત્રાને પ્રસ્થાન કરાવશે.

ભારતની સ્વતંત્રતા-આઝાદીના ૭૫વર્ષ પૂર્ણ થવાના અવસર આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો તા.૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતથી આ ઉજવણીના પ્રારંભના ઐતિહાસિક અવસરને રાષ્ટ્રચેતના સભર ઉત્સવ બનાવવાના આયોજનને ઓપ આપવા રાજ્યકક્ષાની સમિતિની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજી હતી.

તેમણે સંબોધન કરતાં સ્પષ્ટપણે નીર્ધાર વ્યકત કર્યો કે, સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા નિભાવનારૂં ગુજરાત આઝાદી કા અમૃત મહોત્સવની પણ ગરિમાસભર ઉજવણી કરવા કૃતસંકલ્પ છે.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી તા.૧૨મી માર્ચે ૧૯૩૦ના યોજેલી દાંડીયાત્રાની સ્મૃતિને વર્તમાન સમયમાં ઊજાગર કરતાં ૮૧ પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડી સુધીની ૩૮૬ કિ.મી. દાંડીયાત્રાથી આ ઉજવણીનો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આરંભ કરાવવાના છે. આ ઉજવણીના આરંભ પ્રસંગે દેશભરમાં અને ગુજરાતમાં પણ એક સાથે ૭૫ સ્થળોએ રાષ્ટ્રપ્રેમ-જનચેતના સભર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

વાંઢાય સમૂહલગ્ન આયોજન સમિતિની સભા ૧૩ માર્ચનાં મળશે

વાંઢાય સમૂહલગ્નમાં અખાત્રીજના ૧૨ વર્ષમાં આ વર્ષના ૧૦ યુગલો મળીને કુલ ૫૧૬ નવયુગલો જોડાયા છે

શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટ પ્રેરિત શ્રી ધોલપર(વાંઢાય) વિસ્તાર સમૂહલગ્ન આયોજન સમિતિ તથા વિસ્તારના ૨૦ ગામોના પ્રતિનિધિઓની એક સંયુક્ત સભા ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે તા. ૧૩/૩/૨૦૨૧ના સવારે ૯.૧૫ કલાકે રાખવામાં આવી છે.

આ સભામાં ૧૨મા સમૂહલગ્નમાં જોડાનાર યુગલોના વાલીઓની સાથે નવયુગલો તેમજ દાતાશ્રીઓને પણ ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ મીટિંગમાં આગામી સમૂહ લગ્નોત્સવની રૂપરેખા અને આયોજન સંબંધી માહિતી આપવામાં આવશે, ઉપરાંત સમૂહ લગ્નોત્સવની પત્રિકાની કામગીરીને આગળ ધપાવવામાં આવશે; તદ્ઉપરાંત સરકારશ્રીની યોજના અંગે પણ પ્રકાશ પાડવામાં આવશે,

અત્યાર સુધી અખાત્રીજ તા. ૧૪/૫/૨૦૨૧ના યોજાનારા સમૂહ લગ્નોત્સવમાં ૧૦ (વ્યસનમુક્તિ માટે સંકલ્પબદ્ધ) યુગલોનું રજિસ્ટ્રેશન થઇ ગયું છે. સમૂહ લગ્નોત્સવ પ્રસંગે સત્કાર સમારંભમાં નવયુગલોને વ્યસનમુક્તિના શપથ પણ લેવડાવાશે.

આગામી તા. ૨૯/૩/૨૦૨૧ (હોળી) સુધી નોંધાનાર યુગલો તેમજ દાતાશ્રીઓના નામનો સમાવેશ પત્રિકામાં કરવામાં આવશે. ત્યારબાદ પણ દાન નોંધણી ચાલુ રહેશે. જેનો ઉલ્લેખ સમૂહ લગ્નોત્સવ વખતે બેનરમાં કરવામાં આવશે.

આ સમૂહ લગ્નોત્સવમાં ભારતના કોઈપણ વિસ્તારમાંથી જ્ઞાતિજનો જોડાઈ શકે છે. સમૂહ લગ્નોત્સવમાં જોડાનાર યુગલોના વાલીઓને હોળી પછી પત્રિકા, તલવાર, પાનેતર, ભોજનપાસ વગેરે આપી દેવામાં આવશે.

સમૂહ લગ્નોત્સવમાં જોડાવા તેમજ દાન નોંધાવવા વાંઢાય ખાતેના કાર્યાલયનો અથવા સમિતિના હોદ્દેદારોનો સંપર્ક કરવા આયોજન સમિતિના મહામંત્રી શ્રી રમેશભાઇ પોકારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે સંસ્થાના કાર્યાલય ફોન નંબર : ૦૨૮૩૨-૨૭૬૨૩૨ અથવા મહામંત્રી મો. ૯૪૨૭૫ ૬૮૬૨૩નો સંપર્ક કરવો.

દિપાલી ના એક ક્રોડ ચાહકો એકજ વર્ષમાં

What a pleasant news! 1 Crore Views on Dipali Youtube channel !!

ક.ક.પા. સમાજ ને ગૌરવ એવુ દિપાલી ને ૦૨જી માર્ચ ના જ યુટ્યુબ ચેનલ પર એક કરોડ.... જી હા... પુરા એક કરોડ વ્યુઝ નો આંકડો પાર થયો.. એક વરસ થી પણ ઓછા સમય માં ૧ કરોડ વ્યુઝ..

એમાં સ્વયંભૂ આપ બધા પ્રેમીઓનો સહયોગ મળતો રહ્યો. ને જોતજોતામાં ૧૦૦૦૦૦૦૦ આંકડો પર થયો.

આપ સહુ નો પ્રેમ અને સહકાર છે તો આ શક્ય બન્યું છે. દિપાલી આપ સહુનો આભાર વ્યક્ત કરે છે...

રાજકોટ રહેનાર દિપાલી કહે છે કે એની ચેનલ કોઈ મનોરંજન ની ચેનલ નથી. આ તો ભારતીયો પુરાણો- શાસ્ત્રો- તહેવારો- કલ્ચરલ હેરીટેજ ને સમર્પિત છે. આ ચેનલ શરુ કરી એના પહેલા ઘણા લોકો એ ટકોર કરેલી કે આજ ના સમય માં કોને રસ છે આવા વિષયો પર..

પણ માત્ર ૮ થી ૧૦ મહિના જેવા સમય માં ૧ કરોડ થી વધુ લોકો આ કન્ટેન્ટ માણી ચુકયા છે.. ખુબ ખુબ ખુબ આનંદની વાત છે મારા માટે.. બધી મહેનત અને પ્રયાસો લેખે લાગ્યા એવું લાગી રહ્યું છે.. અને સાથે સાથે એ વિશ્વાસ પણ વધુ પાકો થયો કે આજ ની યુવા પેઢી ને આવા વિષયો સારી રસાળ શૈલીમાં રજુ કરવામાં આવે તો સંભાળવું અને માણવું ગમે જ છે..

હજી સુધી આપે દિપાલીની યુટ્યુબ ચેનલ સાથે ન જોડાયા હો તો આ રહી લીંક.

તો અત્યાર પૂરતું આટલું જ. ૧ લાખ સબસ્ક્રાઈબર નો આંકડો પણ ઢૂકડો છે.. આપ જોડાઓ એટલે એ સફર જલ્દી પૂરી થાય.. ફરજીયાત નથી. માત્ર સાચુસારું લાગે તો જ શેર કરજો. આ સફર એમ જ નથી થઈ. એમાં સાથ મળ્યો છે આપ સહુ લાગણીશીલ ચાહકો નો. ભારતીય સંસ્કૃતિ પ્રેમીઓનો. આ રહી લિંક :

https://www.youtube.com/channel/UCodqxPJeHfyBREOd3vlKbgg

આજની ચિંતનકણિકા

કૌશલ્યોની સાધના....(૨)

(૧) સમયનિયોજનનું કૌશલ્ય

ક્ષણ ક્ષણ મળીને મનુષ્યનું આયુષ્ય...એનું જીવન બને છે. જો નાનપણથી જ એને પ્રત્યેક ક્ષણની મહત્તા સમજાવવામાં આવે, ક્ષણેક્ષણનો ઉપયોગ કરવાનું શીખવવામાં આવે અને પ્રત્યેક પળ આનંદ સાથે કેવી રીતે વિતાવવી એ જો એને સમજાવવામાં આવે તો વિદ્યાર્થીના વિકાસનાં દ્વાર ખૂલી જશે. આવું થશે તો એ પ્રત્યેક પળ માણશે પણ ખરો અને એનો સાર્થક ઉપયોગ પણ કરશે.

માટે પ્રત્યેક વિદ્યાર્થીને સમયનિયોજનનું મહત્ત્વ સમજાવવું જોઈએ. સમયનિયોજન એક કળા પણ છે અને સાધના પણ છે. એના પ્રભાવથી વિદ્યાર્થીમાં નિયમિતતાનો ગુણ કેળવાશે એટલું જ નહીં, એની જીવનશૈલીમાં ચમત્કારિક ઇષ્ટ પરિવર્તન આવશે.

તેથી આપણે વિદ્યાર્થીને સમયનિયોજન...સમયવ્યવસ્થાપન...Time Management...ખૂબ ચીવટપૂર્વક અને વૈજ્ઞાનિક ઢબે શીખવવું જોઈએ.

(ક્રમશઃ)

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

દિપાલી ને મળ્યો એવોર્ડ

Women's dayનાં દિવસે Reliance Entertainment દ્વારા પોતાના ક્ષેત્ર માં પોતાના દમ પર ઝઝૂમતી મહિલાઓને young women achievers એવોર્ડ અપાયા.

Ancient Indic text, ભારતીય પુરાણો અને કથા જગતમાં,

દિપાલી આ એવોર્ડ વર્લ્ડ વુમન દિવસે આ એવોર્ડ મેળવતા કહે છે...

રામસેતુ વખતે ખિસકોલી એ કરેલા એવા મારા નાનકડા યોગદાન ને બિરદાવામાં આવ્યું એનો રાજીપો.. આ યાત્રા ચાલુ રહે અને આમ જ લોકો નો પ્રેમ અને સહકાર એમ જોડતો રહે એવી આશા. રિલાયન્સ એન્ટરટેઈન્મેન્ટ અને બિગ ફેમ એમ નાં મિત્રો ને આભાર.. દિપાલી.

#womensday2021